For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

દબાણ શાખા દ્વારા કરાયેલી લાલ આંખથી દબાણકારોમાં ફફડાટ

શહેરમાં વહીવટી તંત્રનું મેગા ડિમોલિશન: સરસિયા તળાવ પાસેના ગેરકાયદે દબાણો પર ફરી વળ્યું 'બૂલડોઝર'

યાકુતપુરાના મદાર મહોલ્લામાં પોલીસના લોખંડી બંદોબસ્ત વચ્ચે કાચા-પાકા દબાણોનો સફાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.20

શહેરના ઐતિહાસિક સરસિયા તળાવ વિસ્તારમાં લાંબા સમયથી જમાવટ કરી ગયેલા ગેરકાયદેસર કાચા-પાકા દબાણો પર આજે વહીવટી તંત્ર દ્વારા વહેલી સવારથી જ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સંવેદનશીલ વિસ્તાર ગણાતા યાકુતપુરામાં મગરસ્વામી આશ્રમ નજીક થયેલા વર્ષો જૂના દબાણોને મહાનગરપાલિકાની દબાણ શાખાએ પોલીસના લોખંડી બંદોબસ્ત હેઠળ જમીનદોસ્ત કર્યા હતા.

સરસિયા તળાવના કાંઠે અને તેની આસપાસના જાહેર માર્ગો પર ગેરકાયદેસર રીતે ઉભા કરાયેલા બાંધકામોને કારણે તળાવના સંરક્ષણ અને જાહેર સુવિધાઓમાં અવરોધ ઊભો થઈ રહ્યો હતો. જેને ધ્યાને રાખીને વડોદરા મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આજે વહેલી સવારથી જ ડિમોલેશનની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. ખાસ કરીને યાકુતપુરાના મદાર મહોલ્લા વિસ્તારમાં મોટી સંખ્યામાં જેસીબી મશીનો અને કામદારોની ટીમ તૈનાત કરવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ, વહીવટી તંત્ર દ્વારા સંબંધિત દબાણકારોને અગાઉથી જ કાયદેસરની નોટિસો ફટકારવામાં આવી હતી. તેમ છતાં, ગેરકાયદેસર એકમો ખાલી ન કરાતા આખરે તંત્રને બળપ્રયોગ કરી ડિમોલેશન કરવાની ફરજ પડી હતી. મગરસ્વામી આશ્રમ અને મદાર મહોલ્લાની આસપાસના અનેક કાચા-પાકા શેડ અને દીવાલો તોડી પાડી જમીન ખુલ્લી કરવામાં આવી હતી.

તંત્રની સતર્કતા અને પોલીસના પ્રભાવને કારણે સમગ્ર કામગીરી દરમિયાન કોઈ ઘર્ષણ કે અથડામણના સમાચાર મળ્યા નથી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, "તળાવના બ્યુટિફિકેશન અને જાહેર હિત માટે આ દબાણો દૂર કરવા અનિવાર્ય હતા."

વહીવટી તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે આગામી દિવસોમાં પણ શહેરના જાહેર માર્ગો, તળાવો અને સરકારી જમીનો પર થતા ગેરકાયદેસર દબાણો સામે ઝુંબેશ ચાલુ રહેશે.

આ કામગીરી સંવેદનશીલ વિસ્તારમાં હોવાથી, કોઈ પણ પ્રકારની અનિચ્છનીય ઘટના કે અશાંતિ ન સર્જાય તે માટે પોલીસ વિભાગ દ્વારા સુરક્ષાના કડક પગલાં લેવામાં આવ્યા હતા. મોટી સંખ્યામાં પોલીસ જવાનો અને ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે તૈનાત રહ્યા હતા.

પાવાગઢ આરોહણ-અવરોહણ સ્પર્ધા 141 આરોહકોએ ભાગ લીધો

નર્મદાના ઈનેશે 25.08 અને સાબરકાંઠાની ખુશ્બૂએ 34.28 મિનિટમાં પાવાગઢ સર કર્યો

ખેલાડીઓએ પોતાની શારીરિક ક્ષમતા, સહનશક્તિ અને દૃઢ મનોબળનું પ્રદર્શન કર્યું

(પ્રતિનિધિ) હાલોલ તા.20

સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે રાજ્યકક્ષાની છઠ્ઠી આરોહણ-અવરોહણ સ્પર્ધા ઉત્સાહભેર યોજાઈ હતી, જેમાં વિજેતાઓએ આરોહણ પૂર્ણ કરવા માટે લીધેલા સમયને આધારે વિજય નિર્ધારિત થયો હતો. આ સ્પર્ધામાં ભાઈઓ અને બહેનો બંને વર્ગમાં ખેલાડીઓએ પોતાની શારીરિક ક્ષમતા, સહનશક્તિ અને દૃઢ મનોબળનું પ્રદર્શન કર્યું હતું.

રાજ્ય સરકાર દ્વારા યુવક-યુવતીઓના સર્વાંગી વિકાસ અને તેમની શક્તિઓને સાહસિક તથા રચનાત્મક દિશામાં વાળવાના હેતુથી વર્ષ 2019-20થી રાજ્યના ચાર પ્રસિદ્ધ પર્વતો પર આરોહણ-અવરોહણ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. તેના અનુસંધાને રમતગમત-યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર તથા જિલ્લા વહીવટી તંત્ર પંચમહાલના સંયુક્ત ઉપક્રમે પાવાગઢ ખાતે રાજ્યકક્ષાની છઠ્ઠી આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાઈ હતી.

પાવાગઢનાં માંચી ખાતેથી હાલોલ પ્રાંત અધિકારી ઈપલ્લાપલ્લી સુષ્મિથાએ રાજ્યભરના 141 દોડવીરોને લીલી ઝંડી બતાવી સ્પર્ધાનું ફ્લેગ ઑફ કરાવ્યું હતું. ઓપન વયજૂથની આ સ્પર્ધામાં 107 ભાઈઓ અને 34 બહેનો મળી કુલ 141 સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

સ્પર્ધામાં ભાઈઓના વર્ગમાં નર્મદા જિલ્લાના વસાવા ઈનેશે માત્ર 25.08 મિનિટમાં આરોહણ પૂર્ણ કરી પ્રથમ સ્થાન મેળવ્યું, જ્યારે દાહોદ જિલ્લાના સુનિલ મોહનિયા 26.19 મિનિટ સાથે દ્વિતીય અને યાદવ નીરજ 27.42 મિનિટ સાથે તૃતીય ક્રમે રહ્યા હતા. બહેનોના વર્ગમાં સાબરકાંઠા જિલ્લાના બોદર ખુશ્બૂબેને 34.28 મિનિટમાં આરોહણ પૂર્ણ કરી પ્રથમ સ્થાન મેળવ્યું, જ્યારે ભાવનગર જિલ્લાના વેગડ કાજલબેન 34.57 મિનિટ સાથે દ્વિતીય અને સોલંકી ચંદ્રિકા 36.18 મિનિટ સાથે તૃતીય સ્થાને રહ્યા હતા.

વિજેતાઓને મહાનુભાવોના વરદહસ્તે ટ્રોફી સાથે રોકડ ઈનામ એનાયત કરવામાં આવ્યું હતું. પ્રથમ ક્રમે રહેલા વિજેતાને રૂ.25,000, દ્વિતીય ક્રમે રૂ.20,000 અને તૃતીય ક્રમે રૂ.15,000નું રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં વિજેતાઓ દ્વારા મેળવાયેલ સમય જ મુખ્ય માપદંડ રહ્યો હતો, જેના કારણે સ્પર્ધામાં ઉત્સાહ, રોમાંચ અને સ્પર્ધાત્મક ભાવના વધુ ઉજાગર થઈ હતી.

WPL મેચ દરમિયાન શીખ યુવકને કિરપાણ સાથે પ્રવેશતા અટકાવાતા વિવાદ

બંધારણીય અધિકાર વિરુદ્ધ સુરક્ષાકર્મીઓની કાર્યવાહીથી શીખ સમુદાયમાં રોષ

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

વડોદરાના કોટંબી સ્થિત નવનિર્મિત બીસીએ સ્ટેડિયમ ખાતે રમાયેલી વિમેન્સ પ્રીમિયર લીગની રોમાંચક મેચ દરમિયાન એક અપ્રિય ઘટના સામે આવી છે. મેચ જોવા આવેલા એક શીખ યુવકને તેના ધાર્મિક પ્રતીક કિરપાણ સાથે પ્રવેશતા સુરક્ષા કર્મીઓએ અટકાવતા વિવાદ સર્જાયો હતો. આ ઘટનાને પગલે શીખ સમુદાયમાં ભારે નારાજગી જોવા મળી રહી છે અને તેને બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન ગણાવવામાં આવી રહ્યું છે.

વુમન્સ પ્રીમિયર લીગ મેચ નિહાળવા આવેલા રોનકપાલ સિંઘ નામના શીખ યુવકને સ્ટેડિયમના પ્રવેશદ્વાર પર તૈનાત સુરક્ષા કર્મીઓએ અટકાવ્યો હતો. સુરક્ષા કર્મીઓએ યુવક પાસે રહેલી કિરપાણને સુરક્ષાના કારણોસર સ્ટેડિયમની અંદર લઈ જવાની મનાઈ ફરમાવી હતી. ભારતીય બંધારણની કલમ 25 મુજબ, દરેક નાગરિકને પોતાનો ધર્મ પાળવાની સ્વતંત્રતા છે. આ કલમની સ્પષ્ટતા મુજબ, શીખ ધર્મના અનુયાયીઓ માટે કિરપાણ ધારણ કરવી એ ધર્મ પાળવાનો જ એક ભાગ છે. કિરપાણ એ કોઈ હિંસક શસ્ત્ર નથી, પરંતુ અમારી આસ્થાનું પવિત્ર પ્રતીક છે. આ કિસ્સા બાદ સંગઠનો દ્વારા એવી માંગ કરવામાં આવી છે કે ગુજરાત ક્રિકેટ એસોસિએશન અને સ્થાનિક પોલીસ વહીવટી તંત્ર આ બાબતે ગંભીરતા દાખવે. ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય કે રાષ્ટ્રીય કક્ષાની મેચો દરમિયાન સુરક્ષાકર્મીઓને ધાર્મિક પ્રતીકો અને બંધારણીય જોગવાઈઓ અંગે યોગ્ય તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવે, જેથી કોઈ પણ વ્યક્તિની ધાર્મિક આસ્થાનું અપમાન ન થાય.

વડોદરાના ડીઈઓની કાર્યવાહી, અન્ય સ્કૂલોને કડક ચેતવણી

વિદ્યાર્થિનીને માનસિક ત્રાસ આપવાના મામલે ઈરા ઈન્ટરનેશનલ સ્કૂલને રૂ.30 હજારનો દંડ

તપાસ દરમિયાન સરકાર તરફથી આપવામાં આવેલી સૂચનાઓના ક્રમ નંબર-17નું પાલન કરાતુ નહતુ

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

વડોદરાની ભાયલી વિસ્તારમાં આવેલી ઈરા ઈન્ટરનેશનલ સ્કૂલમાં એક વિદ્યાર્થિનીને માનસિક ત્રાસ અપાતો હોવાના મામલે જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. ડીઈઓ કચેરીએ શાળાને રૂ.30,000નો દંડ ફટકાર્યો છે તેમજ અન્ય ખાનગી સ્કૂલોને સરકારના નિયમોનું ઉલ્લંઘન ન કરવા માટે સ્પષ્ટ ચેતવણી આપી છે.

વડોદરા શહેરમાં અગાઉ પણ ખાનગી સ્કૂલ સંચાલકોની મનમાની સામે વાલીઓ દ્વારા ફરિયાદો નોંધાવવામાં આવી છે. આ જ ક્રમમાં ભાયલી સ્થિત ઈરા ઈન્ટરનેશનલ સ્કૂલ સામે વાલીની ફરિયાદના આધારે જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીએ તપાસ હાથ ધરી હતી.

આ અંગે જિલ્લા શિક્ષણ અધિકારી મહેશ પાંડેએ જણાવ્યું હતું કે, સ્કૂલમાં બાળકો સાથે અનિયમિતતા અને એક વિદ્યાર્થિનીને માનસિક ત્રાસ આપવાની ફરિયાદ મળી હતી. ફરિયાદના આધારે ડીઈઓ કચેરીની ટીમે સ્કૂલની સ્થળ પર તપાસ કરી હતી. તપાસ દરમિયાન સરકાર તરફથી આપવામાં આવેલી સૂચનાઓના ક્રમ નંબર-17નું પાલન ન કરાયું હોવાનું સામે આવતા શાળાને રૂ.30 હજારની પેનલ્ટી કરવામાં આવી છે. ડીઈઓએ વધુમાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થિનીઓ કે વિદ્યાર્થીઓને શારીરિક કે માનસિક ત્રાસ આપવાની કોઈપણ ઘટના સહન કરવામાં આવશે નહીં. શિક્ષણ વિભાગ અને રાજ્ય સરકારનો સ્પષ્ટ સંદેશ છે કે કોઈપણ સ્કૂલ જો સરકારી કાયદા અને નિયમોનું ઉલ્લંઘન કરશે તો તેની સામે નિશ્ચિત અને કડક કાર્યવાહી કરવામાં આવશે.

કિસ્મત ચોકડી નજીક આવેલા અલકબીર બંગ્લોઝ નં. 3માં રેડ કરી

તાંદલજામાંથી નકલી PSI ઝડપાયો : જમીનના ધંધામાં 'ખાખી'નો ખોટો રોફ ઝાડતો હતો

ખાખી યુનિફોર્મ, નકલી આઈકાર્ડ અને 222 સિક્કા મળ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.20 :

વડોદરા શહેરના તાંદલજા વિસ્તારમાં એસઓજી પોલીસે મોટી કાર્યવાહી કરી ડુપ્લીકેટ પી.એસ.આઈ બની જમીનના સોદામાં મોટા તોડ કરનાર શખ્સને ઝડપી પાડ્યો છે. તાંદલજા રોડ પર કિસ્મત ચોકડી નજીક આવેલા અલકબીર બંગ્લોઝ નં. 3માં રેડ કરી પોલીસે નકલી પોલીસ અધિકારીના કારનામાનો પર્દાફાશ કર્યો છે. આરોપી પાસેથી ખાખી યુનિફોર્મ, પી.એસ.આઈના આઈકાર્ડ, નેમપ્લેટ, એરગન સહિત કુલ રૂ.26.42 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

એસઓજી પોલીસ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે અલકબીર બંગ્લોઝમાં રહેતો મોબીન ઈકબાલભાઈ સોદાગર પોલીસ અધિકારી ન હોવા છતાં પોતે પી.એસ.આઈ હોવાનું ભાસ આપી રહ્યો છે. તે પોતાની નંબર પ્લેટ વગરની ફોર વ્હીલર ગાડીઓમાં પોલીસ યુનિફોર્મ લટકાવી રાખતો હતો અને નકલી આઈકાર્ડ બતાવી જમીન લેવડદેવડમાં ધાક ધમકી આપતો હતો.

રેડ દરમિયાન પોલીસે મોબીન સોદાગરના ઘરેથી પી.એસ.આઈના બે નકલી આઈકાર્ડ, ખાખી વર્દી, નેમ પ્લેટ, એરગન, લેપટોપ, આવકના પ્રમાણપત્રો, ત્રણ મોબાઈલ અને સરકારી, અર્ધસરકારી તેમજ ખાનગી કચેરીઓના કુલ 222 સિક્કા જપ્ત કર્યા હતા.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી પાસે વિવિધ વ્યક્તિઓના આધારકાર્ડ, પાનકાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, ચૂંટણીકાર્ડ તેમજ અલગ-અલગ વાહનોની આર.સી. બુકો પણ મળી આવી છે. આ તમામ દસ્તાવેજો ખોટા હોવા છતાં તે સાચા તરીકે ઉપયોગમાં લેતો હતો.

એસઓજીએ આરોપી પાસેથી બે ફોર વ્હીલર કાર પણ કબજે કરી છે. સમગ્ર મુદ્દામાલની કિંમત રૂ.26.42 લાખ આંકવામાં આવી છે. આરોપી વિરુદ્ધ જેપી રોડ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

પોલીસે જપ્ત કરેલો મુદ્દામાલ

પોલીસ સબ-ઇન્સ્પેક્ટરનો યુનિફોર્મ અને પી.એસ.આઈ.ના 2 આઈકાર્ડ, એરગન વિવિધ વ્યક્તિઓના નામના 22 આધારકાર્ડ, પાનકાર્ડ, ચુંટણીકાર્ડ, ડીસીબીએલટી કાર્ડ, ડ્રાઇવિંગ લાયસન્સ, વાહનોની આર.સી. બુક મળી આવી છે. 22 સરકારી, અર્ધ-સરકારી તથા ખાનગી કચેરીઓના ગોળ સિક્કા અને હોદ્દાના સિક્કા મળી આવ્યા છે. DIT ગાંધીનગરીના SP સહિતના સિક્કાનો સમાવેશ થાય છે. આવકના 3 પ્રમાણપત્ર, 1 લેપટોપ, 3 મોબાઇલ ફોન, 1000 રૂપિયા રોકડા, બે ફોર-વ્હીલર વાહન

પોલીસ હોવાની ખોટી ઓળખ આપીને ઠગે મોટો તોડ કરીને વૈભવ બંગ્લો બનાવ્યો

મોબીન ઇકબાલભાઇ સોદાગર પોલીસને ગોળગોળ ફેરવવા માટે તેના પિતા અગાઉ પોલીસમાં હતો તેવુ ખોટી હકીકત જણાવી હતી. પરંતુ પોલીસની તપાસ માં કોઇ તેના પિતા પોલીસમાં નથી તેવુ જાણવા મળ્યું છે. હાલમાં જમીન મસમોટા સોદામાં પોલીસ અધિકારી તરીકે ખોટી ઓળખ આપીને તોડપાણી કરતો હતો. ત્યારે આ તોડપાણીની આવકમાંથી તાંલજામા વૈભવી બંગલો બનાવ્યો છે. ત્યારે ઠગ કેટલાસમયથી આ કાંડ કરતો હતો તેની તપાસ શરૂ કરાઇ છે.

પોલીસ અધિક્ષક સહિતના સરકારી વિભાગમાં સિક્કા મળી આવ્યાં

ઠગ આરોપીઓ પોતાના બંગલામાં પણ પોતાના ઓફિસ બનાવી હતી. જેમા તેણે વિવિધ પોલીસ અધિક્ષક, ગોધરા, બનાસકાંઠા પોલીસ વિવિધ સરકારી વિભાગના સિક્કા રાખીને તેનો દુરઉપયોગ કરીને ગેરકાયદે કામ કરતો હતો ત્યારે આ બોગસ કૌભાંડમાં તેની સાથે કોઇ પોલીસ કે અન્ય સરકારી અધિકારીની સંડોવણી છે કે કેમ તેની પણ પોલીસ દ્વારા શરૂ કરાઇ છે અને જો કોઇ સંડોવણી બહાર આવશે તેમના વિરુદ્ધ પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

- મંજિતા વણઝારા, ડીસીપી ઝોન-2

ઠંડીનો પારો ગગળતા વહેલી સવારે શહેરીજનો ઠૂંઠવાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરામાં ઠંડીનું જોર વધ્યું છે. ઉત્તરીય પવનો ફૂંકાવાના કારણે શહેરમાં ઠંડીનો ચમકારો વર્તાયો છે. વહેલી સવારે અને મોડી સાંજે ફૂલ ગુલાબી ઠંડીનો અનુભવ થવા માંડ્યો છે. જ્યારે, વહેલી સવારે ધુમ્મસ રહેતા ચાલકોને હેડ લાઈટો ચાલુ રાખી મુસાફરી કરવાની ફરજ પડી રહી છે. આગામી બે દિવસ ઠંડીનું પ્રમાણ યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

વડોદરા શહેરમાં ઉત્તરના પવનો ફૂંકાતા દિવસ દરમિયાન ઠંડીનો પારો 12.2 ડિગ્રી નોંધાયો હતો. જ્યારે છેલ્લા બે દિવસથી ધુમ્મસ પણ જોવા મળી રહ્યું છે. થોડા દિવસ પૂર્વે પશ્ચિમના પવનો ફૂંકાતા ઠંડી ઘટી ગઈ હતી. જો કે ઠંડા પવનોનો મારો શરૂ થતા જ ઠંડી ધીરે ધીરે હવે વધવા લાગી છે. મંગળવારે દિવસ દરમિયાન ઠંડા પવનો ફૂંકાયા હતા સાથે જ વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. સમગ્ર રાજ્ય સહિત વડોદરામાં પણ કડકડતી ઠંડીનું જોર વધતું જોવા મળી રહ્યું છે.

વિદેશમાં નોકરી અપાવવાનો વાયદો કરી રૂપિયા વસૂલ્યા, ન વિઝા અપાવ્યા ન નોકરી

પોલેન્ડના વર્ક પરમિટ વિઝાના બહાને મહિલા સહિત 8 લોકો સાથે રૂ.6.69 લાખની છેતરપિંડી

શરૂઆતમાં વિઝા ફી પેટે માત્ર રૂ.37,000 લેવાયા બાદ અન્ય લોકોથી રૂપિયા વસૂલ્યા

વારંવાર માંગણી છતાં રકમ પરત ન આપતા મહિલા સહિત બે ઠગો સામે ગુનો દાખલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

વડોદરા શહેરના વાસણા-ભાયલી રોડ વિસ્તારમાં રહેતી એક મહિલા સહિત કુલ 8 લોકોને પોલેન્ડમાં વર્ક પરમિટ વિઝા અને નોકરી અપાવવાના બહાને રૂ.6.69 લાખની છેતરપિંડી કર્યાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. આ મામલે વાસણા પોલીસ સ્ટેશનમાં એક મહિલા સહિત બે આરોપીઓ સામે ગુનો નોંધાયો છે.

ફરિયાદ મુજબ, વાસણા ભાયલી રોડ પર આવેલી ગ્રીનફિલ્ડ-03 સોસાયટીમાં રહેતા અલ્પાબેન નગીનભાઈ પટેલ ઘરેથી ટિફિન સર્વિસ ચલાવે છે. વર્ષ 2022માં તેઓ નોકરી માટે દુબઈ ગયા હતા, જ્યાં તેમની ઓળખ શિલ્પાબેન કૈલાસ રાજપુત સાથે થઈ હતી. વર્ષ 2025માં શિલ્પાબેન રાજપુત અલ્પાબેનના ઘરે આવી અને પોતે પોલેન્ડના વારસો શહેરની પ્લેટિનમ હોસ્પિટલમાં કેર ટેકર તરીકે નોકરી કરતી હોવાનું જણાવ્યું હતું.

શિલ્પાબેને અલ્પાબેનને સેમ્યુઅલ ક્રિશ્ચિયન સાથે ઓળખાણ કરાવી, જેણે પોલેન્ડમાં કેર ટેકરની નોકરી તથા વર્ક પરમિટ વિઝા અપાવવાનો વાયદો કર્યો હતો. શરૂઆતમાં વિઝા ફી તરીકે રૂ.37,000 લેવાયા હતા. બાદમાં અલગ-અલગ લોકો પાસેથી પણ રૂપિયા વસૂલવામાં આવ્યા, પરંતુ ન તો વિઝા અપાવ્યા ન તો નોકરી અપાવી.

આ રીતે અલ્પાબેન પાસેથી રૂ.38,500, શીતલબેન પાસેથી રૂ.83,000, કૂપાંશીબેન પાસેથી રૂ.1.23 લાખ, દક્ષાબેન પાસેથી રૂ.38,000, વિભુતીબેન પાસેથી રૂ.51,000, જયાબેન પાસેથી રૂ.31,000, દામિનીબેન પાસેથી રૂ.95,000 અને કૃષ્ણકુમાર પાસેથી રૂ.35,000 એમ કુલ રૂ.6.69 લાખ પડાવી લેવાયા હતા.

લાંબા સમય સુધી રાહ જોવાયા બાદ પણ વિઝા કે નોકરી ન મળતા અને રૂપિયા પરત ન આપતા અંતે પીડિતોએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે છેતરપિંડીનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

પંચવટી કેનાલથી રૂબી સર્કલ સુધીનો રસ્તો આજથી મહિનો બંધ

(પ્રતિનિધિ) વડોદરા તા.20

ગોરવા પંચવટી કેનાલથી રૂબી સર્કલ સુધીના માર્ગ પર અગાઉ ડ્રેનેજ લાઈન નાખવા માટે ખોદાણ કરવામાં આવ્યું હતું. આ કામગીરી બાદ રસ્તાના હાલ બેહાલ થઈ ગયા હતા. હવે પાલિકા તંત્ર દ્વારા આ માર્ગ પર નવો રોડ બનાવવાનું આયોજન હાથ ધરાયું છે. રોડ શાખાના કાર્યપાલક ઈજનેરના જણાવ્યા અનુસાર, આજથી એટલે કે 20મી જાન્યુઆરીથી આગામી 30 દિવસ માટે પંચવટી કેનાલથી રૂબી સર્કલ સુધીનો એક તરફનો ટ્રેક સંપૂર્ણપણે બંધ રાખવામાં આવશે. આ એક મહિના દરમિયાન ડબલ ટ્રેક પૈકીના માત્ર એક જ ટ્રેક પર બંને તરફનો ટ્રાફિક ડાયવર્ટ કરવામાં આવશે, જેના કારણે આ વિસ્તારમાં વાહનચાલકોને ભારે ટ્રાફિક જામનો સામનો કરવો પડશે. શહેરમાં ચારે તરફ રસ્તાઓ ખોદી કાઢને પગલે ધૂળની ડમરીઓ ઊડી રહી છે. રજકણોના કારણે શહેરીજનો ગંભીર એલર્જીક બીમારીઓ અને શ્વાસની તકલીફોનો ભોગ બની રહ્યા છે.

ઉત્તરાયણ બાદ પણ દોરાથી ઈજા થવાના બે બનાવો નોંધાયા

(પ્રતિનિધિ), વડોદરા. તા.20

ઉતરાયણના પર્વને ચાર (4) દિવસ વીતી ગયા છે, આકાશમાંથી પતંગો ગાયબ થઈ ગઈ છે, પણ વડોદરાના રસ્તાઓ પર હજુ પણ મોતનો માંજો લટકી રહ્યો છે. વડોદરા શહેરમાં છેલ્લા 24 કલાકમાં પતંગના દોરાથી ઈજાના બે બનાવો નોંધાયા છે.

ગત રોજ વડોદરા શહેરના રાવપુરા મેન રોડ પરથી પસાર થઈ રહેલ મોક્ષીગામ, રામજી મંદિર, સાવલી ખાતે રહેતો 25 વર્ષીય અજય દશરથ પરમાર ને રસ્તામાં અચાનક પતંગનો દોરો આવી જતાં નાક પાસે ગંભીર ઈજા પહોંચી હતી. જેના કારણે તેને તાત્કાલિક સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેને ગંભીર ઈજાના કારણે નાક પાસે 4 ટાંકા લેવાની તબીબોને ફરજ પડી હતી. તાત્કાલિક યોગ્ય સારવાર મળતા તેનો આબાદ બચાવ થયો હતો. બીજો બનાવ શહેરના આજવા રોડ પાસે બન્યો હતો. જેમાં બાઈક પર સવાર 54 વર્ષીય મહિલાને રસ્તામાં અચાનક પતંગનો દોરો આવતા ઈજા પહોંચી હતી. તેને પણ સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ ઘટનાઓ એ વાતની સાક્ષી છે કે આપણી એક નાનકડી ભૂલ કે બેદરકારી કોઈના પરિવારનો માળો વિખેરી શકે છે. સાવચેતી એ જ સલામતી ના મંત્રને યાદ રાખીને, વડોદરાવાસીઓને નમ્ર અપીલ છે કે ટુ-વ્હીલર ચલાવતી વખતે ગળામાં સ્કાફ કે હેલ્મેટનો ફરજિયાત ઉપયોગ કરો. રસ્તા પર કે ઝાડ પર લટકતા દોરા દેખાય તો તેને તાત્કાલિક સાવધાનીપૂર્વક હટાવો. બ્રિજ પર વાહન ચલાવતી વખતે ગતિ મર્યાદિત રાખો. તંત્ર જાગે કે ન જાગે, આપણે જાગૃત રહેવું પડશે. લોક મુખે એવી ચર્ચા થઈ રહી છે કે ફાયર બ્રિગેડ કે કોર્પોરેશન દ્વારા ઉતરાયણ બાદ પતંગના દોરા ને દૂર કરવા માટે સફાઈ અભિયાન કેમ ચલાવવામાં આવતું નથી ?

સંકલન બેઠકમાં ધારાસભ્યોના રોષ બાદ આરોગ્ય વિભાગ એક્શનમાં

'ઝેરી' ખોરાક પીરસતા એકમો પર પાલિકાની કાર્યવાહી 560 કિલો અખાદ્ય જથ્થાનો નાશ કર્યો

સરદાર એસ્ટેટમાં કલરવાળું ચિકન અને વાસી ગ્રેવી પકડાતા 'ફાઉન્ટન ફ્રાય'ને સીલ મરાયું



(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા શહેરમાં નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરતા તત્વો સામે પાલિકાના આરોગ્ય વિભાગે લાલ આંખ કરી છે. ગત શનિવારે મળેલી સંકલન સમિતિની બેઠકમાં ધારાસભ્યો દ્વારા આરોગ્ય અને સફાઈના મુદ્દે કરવામાં આવેલી રજૂઆતો બાદ, તંત્ર સતત બીજા દિવસે પણ હરકતમાં જોવા મળ્યું હતું. શહેરના વિવિધ વિસ્તારોમાં આરોગ્ય વિભાગની ટીમોએ સઘન ચેકિંગ હાથ ધરી અખાદ્ય ખોરાકનો નાશ કર્યો હતો અને નિયમોનું ઉલ્લંઘન કરનાર એકમોને આરોગ્ય અધિકારીઓના જણાવ્યા મુજબ, અહીંથી કલરવાળું ચિકન, વાસી ગ્રેવી અને અત્યંત અસ્વચ્છ પરિસ્થિતિ જોવા મળી હતી. જેના પગલે તંત્રએ તાત્કાલિક ધોરણે આ રેસ્ટોરન્ટને સીલ મારી દીધું હતું અને માલિકને દંડ ફટકાર્યો હતો.

છેલ્લા બે દિવસમાં કરવામાં આવેલી કાર્યવાહીની વિગતો આપતા અધિકારીઓએ જણાવ્યું કે, ગતરોજ શહેરના ચાર ઝોનમાં 52 જેટલા એકમો પર તપાસ કરવામાં આવી હતી. જેમાંથી 15 એકમોને શિડ્યુલ-4 મુજબની નોટિસ આપવામાં આવી હતી. કુલ મળીને આશરે 560 કિલો જેટલા વાસી અને અખાદ્ય ખોરાકનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

પાલિકાની આ ઝુંબેશને કારણે શહેરના ખાણી-પીણીના વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે. સરદાર એસ્ટેટ ઉપરાંત વૃંદાવન ચાર રસ્તા અને ફતેગંજ વિસ્તારમાં પણ ચેકિંગ કરવામાં આવ્યું હતું. વૃંદાવન ચાર રસ્તા પાસે રજિસ્ટ્રેશન વગર ધમધમતી 2 થી 3 દુકાનોને પણ બંધ કરાવી દેવામાં આવી હતી. આ કામગીરીમાં આરોગ્ય વિભાગની સાથે વોર્ડ નંબર 5 ની વહીવટી ટીમો પણ જોડાઈ હતી, જેમણે ગંદકી બદલ સ્થળ પર દંડ વસૂલવાની કાર્યવાહી કરી હતી.